P.4. દિવ્યભાસ્કર. 23.10.18

# પારાવાડા, કુણવદર વગેરે ગામોમાં એકતા યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું

## ગ્રામજનોએ સરદાર પટેલની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદરમાં એકતા યાત્રાનો પ્રારંભ થયા બાદ ત્રીજા દિવસે પારાવાડા, કુણવદર, ખાંભોદર, કિંદરખેડા વગેરે ગામોમાં એકતા યાત્રા પહોંચી હતી, જ્યાં ગ્રામજનોએ ઉમળકાભેર એકતા યાત્રાનું સ્વાગત કર્યું હતું અને પૂજન કરી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને વંદન કર્યું હતું. આ પ્રસંગે સરદાર પટેલના એકતાના સંદેશ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે પણ લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકો, વિદ્યાર્થીઓ તથા વડીલોએ સરદાર પટેલની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કરી એકતા યાત્રા અંગેની વિસ્તૃત માહિતી મેળવી હતી. આ તકે મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## આજે ક્યા ગામોમાં યાત્રા પ્રવેશ કરશે ?

પોરબંદરમાં આજે તા. 23 ઓક્ટોબરના ધરમપુર, ઓડદર, નવીબંદર સહિતના ગામોમાં એકતા યાત્રા પ્રવેશ કરશે. 9:30 કલાકે ધરમપુર ખાતે પ્રસ્થાન થયા બાદ રતનપુર, ઓડદર, ટુકડા-ગોસા, રાજપર, મિત્રાળા, ભડ, નવીબંદર, રાતિયા સહિતના ગામોમાં એકતા યાત્રાનું સ્વાગત કરાશે.